# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ભગવાન ભાવના ભૂખ્યા છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

બહુ ધ્યાનથી વાંચવા જેવી વાત છે ! માણસની જીંદગી બે વસ્તુથી શોભે છે. એક ભાવ અને વિવેક. બીજુ કાંઈક કદાચ ઓછું હોય તોય ચાલે પણ આ બે સદ્‌ગુણો ખાસ જોઈએ. ભાવ અને વિવેક એમાં ભક્તિ માર્ગમાં ભાવ જરૂર જોઈએ અને વ્યવહારમાં વિવેક જોઈએ. જેમાં ભાવ ન હોય અને વિવેક પણ ન હોય એને તો સાવ અબુધ જેવો કહેવાય.

સંસારમાં ઘણી જગ્યાએ ભાવ ચાલે. જેમ કોઈ ભાઈ મોટો અધિકારી હોય, મોટો અમલદાર હોય, જેનું દરરોજ નામ આવતું હોય, આવો કોઈ મોટો માણસ હોય એની પાસે આપણે જઈએ તો વિવેકથી બોલવું પડે, વિવેકથી વર્તવું પડે, વિવેકથી બેસવું પડે. પણ આવા મોટા અધિકારીનો નાનો પુત્ર હોય એને પોતાના પિતાનો હોદ્દો ન નડે. એ ભાવથી વર્તે એ સીધો ખોળામાં જઈને બેસે તો એને કશો વાંધો નથી આવતો. એને એમ ન થાય કે આ મારો પિતા મોટો આઈ.એસ.એસ. ઓફિસર છે કે મોટો સાહેબ છે. એને તો એમ જ છે કે આ મારો પિતા છે. ત્યારે પિતાને એમ જ છે કે આ મારો પુત્ર છે. ત્યાં ભાવ ચાલે.

ક્યાંક વિવેક ચાલે. ઘરમાં ઓચિંતા અહીંથી જાવ અને પાંચ પાંચ જણા આવીને ઉભા રહે, કહે જય સ્વામિનારાયણ ત્યારે એમ થાય કે માર્યા ઠાર. હમણાં બે કોથળી દૂધ ઉપડી જશે. છતાં ત્યાં વિવેકને આગળ લાવવો પડે. આવો આવો વાહ ! વાહ ! બહું સારું, બહુ દાંડે આવ્યા. બોલાવવા પડે. બેસાડવા પડે. બે દિવસ પછી જાય ત્યારે ઘરનું માણસ શું કહે ખબર છે, આ વખતે તમે એકલાં આવ્યા. આવતી વખતે કાકીનેય લેતા આવજો. અંદર તો એમ થાય હાશ ! હનુમાનજીની મહેરબાની કે તમે અહીંથી ગયા. પણ છતાં વિવેક બતાવવો પડે કે આ વખતે ભલે એકલા આવ્યા પણ બીજી વખત એકલા ના આવતા. કાકીને, દીકરાને બધાંને લઈને આવજો અહીંયા બગીચો સારો છે. એટલે બધાને મજા આવશે. આ બધું વિવેક બોલે છે. અંદર ભાવ તો નથી. ઘરની બહાર પગલૂછણીયું હોય એમાં લખેલું હોય છે 'વેલકમ' અથવા ઘણા લખે 'ભલે પધાર્યા'. ઘણા દિવાળીએ રંગોળી પૂરે, સુસ્વાગતમ્ પણ આ બધા શબ્દો વિવેક માટે વપરાય છે. કોઈ અજાણ્યો માણસ તમારું બારણું ખખડાવે એટલે તરત કહે કેમ ભાઈ શું કામ છે ? આ તો તમે લખ્યું છે ને ભલે પધાર્યા એટલે આવ્યા. તારા માટે થોડું લખ્યું છે આ તો જરા શોભે એટલે લખ્યું છે તને બોલાવવા માટે નથી લખ્યું. આ બધો વિવેક સંસારમાં, વ્યવહારમાં શોભે છે. ભાવ હોય કે ન હોય પણ વિવેકથી ગાડું ગબડતું જાય છે પણ ભક્તિમાર્ગમાં બહુ વિવેકની માથાકૂટ ન કરવી.

સત્સંગમાં ભાવથી આવવાનું. જેમ બાળક તેનો પિતા મોટો અધિકારી હોય તો પણ ખોળામાં બેસી જાય. એમ અહીં આગળ કથામાં, દર્શનમાં ભાવ, ભજનમાં ભાવ, ભગવાન અને સંતોમાં ભાવ હોય કે આ અમારા આત્માના સગા છે એમની મોટાઈ પ્રત્યે નહીં જોવાનું. અમારા જ છે એ ભાવ સત્સંગમાં શોભાડે.

જેમ જમવાની બે વસ્તુ છે કેળાં અને મૂળો. મૂળો તીખો લાગે તો એમાં કંઈ ખાંડ ન નખાય. અને કેળામાં મીઠું ન નંખાય. કેળામાં ખાંડ નંખાય અને મૂળામાં મીઠું નંખાય. એમ વ્યવહારમાં વિવેક નંખાય. અને ભક્તિમાં ભાવ ઉમેરાય. ભાવ હોય તો ભક્તિ મીઠી લાગે. તમારી ભૂલો ગમે તેટલી હોય પણ ભાવ હોય તો ભગવાન ભૂલો માફ કરી દે. કડવા વચન પણ મીઠા લાગે. જો ભાવથી બોલાય તો ! માટે ભજન કરો, ભક્તિ કરો, સેવા કરો, સત્સંગ કરો સદ્‌ભાવથી કરો.

**"ભાવ સહિત ભુધરજીને ભેટી**
**ચરણે લાગી હું તો લળી લળી."**

ભાવ ગ્રાહી જનાર્દનમ્.

વ્હાલા બાળમિત્રો, સત્સંગમાં ભાવ જીતી જાય છે. વિવેકનો ભભકો સત્સંગમાં જીતતો નથી. તેમ છતાં જરૂર પૂરતો વિવેક માણસને દરેક ક્ષેત્રમાં શોભાડી આપે છે. માટે જ કહ્યું છે કે 'વિવેક દસમો નિધિ.''

### ભક્તમાં શૂરવીરતા જોઈએ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

વાત સતયુગની હોય કે કળિયુગની હોય પણ એક વાત તો દરેકમાં એક સરખી જ લાગુ પડે છે. અને તે છે શૂરવીરતા. સાચા શૂરવીર જ કામ કરી શકે. બાકી ઢીલાપોચાનું કામ જ નહી. જીવનમાં કોઈપણ બાબત હોય કોઈપણ કાર્ય હોય પણ શૂરવીરતા વિના કાંઈ જ થઈ શકે નહી. ભગવાનની ભક્તિ પણ શૂરવીરતા વિના થઈ શકતી નથી. બ્રહ્માનંદ સ્વામી એટલા માટે જ કહે છે કે - ''હરિનો મારગ છે શુરાનો'' ઢીલાપોચા હોય તે ભક્તિ પણ કરી શકે નહી. ભક્તિ કરવી હોય ને કોઈ શું કહેશે ! આવું તે કેમ થઈ શકે !... આવા ઢીલાપોચા હોય તેનું કામ જ નહીં. પોતાના ઈષ્ટદેવના નામ પર તન કુરબાન કરી દેવાની તૈયારી હોય તે જ ભક્તિને શોભાવી શકે છે.

વાત છે કોટેશ્વરની સાબરમતી નદીના કિનારે વસેલું કોટેશ્વર ગામ, તેમાં આવેલું કોટેશ્વર મહાદેવજીનું ઉંચું દેરું. આવા જ એક શુરવીર ભક્તની ગાથા ગાતું ઉભું છે. આ ગામનો શૂરવીર ભક્ત કે જેનું નામ ઝવેર. જેવું નામ એવા જ ગુણ. જાણે સાચું ઝવેરાત જોઈ લો. એકવાર સંતો વિચરણ કરતા કરતા સાબરમતીના કાંઠે ઉતરેલા. રાત્રે ભજન કર્યા, કીર્તનો ગાયાં, કથા કરી, ધ્રુવ-પ્રહલાદ આદિ ભક્તોના આખ્યાનો સંભળાવી સંતો ઉપદેશ આપતા હતા કે પ્રભુ ભજીલો. ઈષ્ટદેવ પ્રગટ પ્રમાણ શ્રીહરિનું શરણ સ્વીકારી ધન્ય બનો. સાધુ-સંતો થોડા દિવસ રોકાયા. દરરોજ આવી સુંદર વાતો થાય. ગામજન ઘણા આ કથામાં બેસતા પણ એમાંથી આ ઝવેરનું જીવન સંતોની વાત સાંભળી બદલાઈ ગયું. બધાને ઉપદેશની અસર જલ્દી થતી નથી. જગતમાં દેખાય છે કે સારી વસ્તુની અસર જલ્દી થતી નથી. પણ નઠારી, ખરાબ વસ્તુની અસર જલ્દી થતી હોય છે. પણ જે મુમુક્ષુ જીવ હોય તો તેને કથા-વાર્તા, સત્સંગની અસર તર્તજ થઈ જાય છે.

આ ઝવેર ભક્ત પૂર્વના મુમુક્ષુ જીવ હતા. તેથી સદ્‌પદેશની અસર થઈ અને સંતો પાસેથી કંઠી બંધાવી વર્તમાન ધારણ કર્યા. બે-ચાર, પાંચ દિવસે સંતો તો ત્યાંથી ચાલતા થયા. પણ ઝવેર ભક્તમાં સત્સંગનું બળ મુકતા ગયા. દરરોજ સવારે વહેલા ઉઠી ઝવેર ભક્ત સાબરમતી નદીમાં સ્નાન કરવા જાય. રસ્તામાં જતા આવતા મૂંગા મોઢે નહીં પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન તે પણ ઉચ્ચ સ્વરે ગાતા જાય. ઘણા આ સાંભળી રાજી થાય તો ઘણા અવળી બુધ્ધિના જે હતા તેના પેટમાં તેલ રેડાય. ગમે તે રીતે આ ઝવેરને નામ સ્મરણ કરતો બંધ કરવો તેવા મનસુબા સાથે આ દુર્જનો ઝવેરને પજવવા લાગ્યા. કહે છે - તારા સ્વામિનારાયણ ભગવાન ખોટા અને તારી ભક્તિ પણ ખોટી.

શૂરવીર કોનું નામ ! ઝવેર ભક્ત નિડરતાથી જવાબ આપી દેતા કે મારા સ્વામિનારાયણ ભગવાન સાચા છે અને તેમની ભક્તિ સાચી છે. આ દુર્જનોએ ભેગા મળી કાવતરૂં રચ્યું. એક દિવસ ઝવેરને કહે - તું કહે છે કે તારા સ્વામિનારાયણ સાચા છે. તું અને તારા ભગવાન જો સાચા હોય તો આ કોટેશ્વર મહાદેવનું ખૂબ ઉંચું દહેરું છે તેના ઉપરથી નીચે પડતું મુક. તું કહે છે તે મુજબ તારા સ્વામિનારાયણ સાચા હશે તો તને કાંઈ જ નહી થાય. પછી અમે બધા પણ તારી જેમ ભજન કરવા લાગીશું.

ઝવેર ભક્ત તો નિડરતાથી, સહેજે ગભરાયા વિના પ્રભુ બળ હૃદયમાં ધારી સડસડાટ ઉંચા દહેરા ઉપર ચઢી ગયા. આ બાજુ દૂર્જનો મનમાં ખૂશ થવા લાગ્યા કે આજે આપણું કામ થઈ જશે. આ ઝવેરનો બારોબાર કાંટો નીકળી જશે. અને આ ઝવેર ભક્તે તો - ''મેલ્યું ત્યાં થકી પડતું તન, સ્વામિ..... સ્વામિ....... કરતાં ભજન'' ભગવાનના નામ સ્મરણ સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... કરતાં કરતાં જય જયકાર સાથે ઝવેર ભક્તે તો પડતું મેલ્યું. એટલા ઉંચા દેરા પરથી પડે તો ભુક્કા નીકળી જાય પણ ઝવેર ભક્તને તો ઉની આંચ પણ ન આવી. જાણે સ્વામિનારાયણ ભગવાને ભક્તને ઝીલી લીધા. હવે શું કરે !! સદાને માટે દુર્જનોના મોઢાં ચૂપ થઈ ગયા. પણ આ દ્રશ્ય જોનારા બીજા ઘણા ગ્રામવાસી મુમુક્ષુઓ શ્રીહરિના આશ્રિત બન્યા.

મિત્રો ! ખ્યાલ આવ્યો ? ભગવાન કોની સહાય કરે ? જેને પ્રભુના નામ પર પોતાનું સર્વસ્વ કુરબાન કરી દેવાની તૈયારી હોય તેવા શૂરવીર ભક્તની રક્ષા શ્રીહરિ સ્વયં કરે છે. તેવા ભક્તને બીજું કાંઈ કરવું બાકી રહેતું નથી. તો આપણે પણ આ વાત પરથી ઝવેર ભક્ત જેવી શૂરવીરતા પ્રાપ્ત કરી શકીએ તેવી ઈષ્ટદેવ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના સાથે જય સ્વામિનારાયણ......